## સંક્ષિપ્ત સમાચાર

### માલપુર હાઈસ્કૂલનો ખેલાડી ૨૧ કિ.મી. હાફ મેરેથોનમા રાજયમાં પ્રથમ

મોડાસા, તા.૪

માલપુર હાઈસ્કૂલના તાજેતરમાં જ સંપન્ન થયેલા ખેલ મહાકુંભ ૨૦૧૫ અંતર્ગત વડોદરા ખાતે યોજાયેલ ૨૧ કિ.મી. લાંબી હાફ મેરેથોન સ્પર્ધામાં અરવલ્લી જિલ્લાના માલપુરની પી. જી. મહેતા



હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીએ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી એક લાખથી વધુની રકમ ઈનામ પ્રાપ્ત કરી શાળાનુંનામ રોશન કરતા હર્ષની લાગણી પ્રસરી છે.તાજેતરમાં વડોદરા શહેર ખાતે ગુજરાત રાજય ખેલ મહાકુંભ ૨૦૧૫ અંતર્ગત ૨૧ કિ.મી. લાંબી હાફ મેરેથોન સ્પર્ધા યોજાઈ હતી. રાજય કક્ષાની આ સ્પર્ધામાં ૫૦૦૦ જેટલા સ્પર્ધકો જોડાયા હતા. જે પૈકી માલપુરની પી.જી. મહેતા હાઈસ્કૂલના વિદ્યાર્થી મોહનભાઈ હીરાભાઈ ડામોરે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

### પરોયામાં યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

હિંમતનગર, તા. ૪

ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામના રહીશ ગણપતસિંહ નારણસિંહ વાઘેલા (ઉ.વ.૩૫) મંગળવારે રાત્રે પોણા બે વાગ્યાના સુમારે કોઈ અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જેથી વાઘેલા પરિવારમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. આ અંગે પરોયાના વિક્રમસિંહ બલવંતસિંહ વાઘેલાએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### હિંમતનગરના શ્રેષ્ઠીના માતૃશ્રીનું નિધન

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા ચેમ્બર ઓફ કોમર્સના અગ્રણી તથા હિંમતનગરના શ્રેષ્ઠી દિલીપ નલીનકાન્ત ગાંધીના માતૃશ્રી નિપુર્ણાબેન ગાંધી (ઉ.વ.૮૪) નું ટૂંકી માંદગી બાદ મંગળવારે રાત્રે અવસાન થયુ છે. જેમની અંતિમયાત્રા બુધવારે નીકળી હતી. જેમાં શહેરના ઉદ્યોગપતિઓ, વેપારીઓ, રાજકારણીઓ તથા અન્ય લોકો જોડાયા હતા. સ્વ.નિપુર્ણાબેન ગાંધીએ પોતાના જીવનકાળ દરમિયાન ભગિની સમાજ, વેલફેર બોર્ડ, તાલુકા પંચાયત, નગરપંચાયત, પોલીસ એડવાઈઝરી કમિટી, સિવિલ હોસ્પિટલ, પુરવઠા સમિતિ સહિત અનેક સંસ્થાઓમાં નિષ્ઠા પૂર્વક સેવા આપી હતી.

### ગાંભોઈમાંથી ૬ હજારના બકરા ચોરાયા

હિંમતનગર, તા. ૪

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગામે રહેતા ધુળીબેન કાન્તીભાઈ થોરીના ઘર આગળથી ગત તા.૨ માર્ચના રોજ અજાણ્યા શખ્સો રૂા.૬ હજારની કિંમતના બકરાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ધુળીબેને તરત જ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

# અરવલ્લી-સાબરકાંઠામાં સતત ત્રીજા દિવસે સોની બજાર બંધ










## જ્વેલરી હડતાળના પગલે લગ્નસરાની મોસમમાં ગ્રાહકોને ભારે હાલાકી

અરવલ્લી, તા. ૪

નાણાપ્રધાન જેટલીએ રજૂ કરેલા બજેટે દેશના ઝવેરી બજારોમાં વ્યાપક રોષ જગાવ્યો હતો અને જ્વેલરી પર એક્સાઈજ ડ્યુટી લાદવામાં આવતા દેશના જવેરીઓમાં નિરાશા ફેલાવાની સાથે કેન્દ્રીય બજેટમાં સોના પર ૧ ટકો એક્સાઈઝ ડ્યુટી લાદવામાં આવતા જ્વેલર્સોમાં ભારે નારાજગી જોવા મળવાની સાથે એક્સાઈઝ ડ્યુટીનો આક્રમક મૂડમાં વિરોધના પગલે જ્વેલરી એશોસીએશને ત્રણ દિવસ માટે હડતાળ પર જવાનો નિર્ણય કરતા અરવલ્લી-સાબરકાંઠાના તમામ જ્વેલરી શોપ સતત ત્રીજા દિવસે બંધ જોવા મળી હતી. લગ્નસરાની મોસમમાં જ્વેલર્સ અચાનક ત્રિ-દિવસીય હડતાળ પર જતા ગ્રાહકોને ભારે હાલાકી પડી રહી છે.

હાલ લગ્નસરાની મોસમ ચાલી રહી છે ત્યારે સતત અરવલ્લી-સાબરકાંઠાના સોના-ચાંદીના દાગીના બનાવનાર અને વેચનાર વેપારીઓ ત્રીજા દિવસે પણ રાષ્ટ્રવ્યાપી હડતાળમાં જોડાતા કરોડો રૂપિયાના સોનાના ખરીદ-વેચાણના વ્યવહારો ઠપ્પ થઈ ગયા છે. જ્વેલર્સ એસોસીએશનના જણાવ્યા અનુસાર ઉંચી કિંમતને લીધે સોનાની ખરીદીમાં ઘટાડો થયો છે. આ પ્રકારની સ્થિતિમાં નવા બજેટમાં એક્સાઈઝ ડ્યુટી પણ લદાતા જે નિર્ણય અયોગ્ય છે. સરકારનો એવો હઠાગ્રહ છે કે વર્તમાન સ્ટોક પર પણ એક્સાઈઝ લાદવામાં આવે અને તે ગેરવ્યાજબી માગણી છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સોનાની રૂપિયા ૨ લાખની ખરીદી પર પાનકાર્ડ ફરજીયાત કરવાના મુદ્દે પણ સોનીઓ મેદાને પડ્યા હતા અને દેશવ્યાપી જ્વેલરીના શૉ રૂમ બંધ રાખી લડત ચલાવી હતી. સોનાના વેપારીઓએ હડતાળ પર ઉતરવાનો નિર્ણય લેતા લગ્નસરામાં ખરીદી કરવા માગતા પરિવારજનોમાં ચિંતા વ્યાપી ગઈ છે. હાલ સોનાની ખરીદી માટે શુભ મુહૂર્ત છે. હોળાષ્ટક શરૂ થતા સોનાની ખરીદી ગ્રાહકો બંધ કરી દેશે તેમ છતાં કરોડો રૂપિયાની નુકશાની ભોગવાની તૈયારી સાથે અરવલ્લી-સાબરકાંઠાના જ્વેલરીઓ દેશવ્યાપી હડતાળમાં જોડાયા છે.

અરવલ્લી જિલ્લાના પ્રજાજનો જ્વેલરી એસોસીએશનની ત્રિ-દિવસીય હડતાળથી અજાણ હોવાથી લગ્નસરાની મોસમમાં સોના-ચાંદીના ઘરેણા અને જ્વેલરી ખરીદવા જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરની મુલાકાત લઈ રહ્યા છે. પરંતુ જ્વેલર્સ શોપ બંધ રહેતા નિરાશ થઈ વિલા મોઢે પાછા ફરવુ પડે છે. કેટલાક ગુસ્સે થયેલા ગ્રાહકોએ તો સોના-ચાંદીની દુકાનના માલીકો પર રોષ ઠાલવતા નજરે પડ્યા હતા.

# લ્યો બોલો... ચોરો સી.સી. ટીવી કેમેરા પણ લઈ ગયા

## તાલુકા પંચાયત કચેરીમાંથી ચોર ઈસમે દુકાનમાં પ્રવેશ કર્યો : ડૉગ સ્કોર્ડની મદદ લેવાઈ : નગરજનોમાં ફફડાટ

દિયોદર, તા. ૪

દિયોદર શહેરમાં એક રાત્રીના સમયે બે અલગ અલગ જગ્યા ઉપર ચોરી થતા નગરજનોમાં ભારે ફફડાટ ફેલાવા પામ્યો છે. જેમાં જુના બસ સ્ટેશન ઉપર મોબાઈલની દુકાનના પતરા તોડી અંદર પ્રવેશ કરી રોકડ રકમ અને માલ-સામાનની ચોરી તથા હાઈવે વિસ્તાર ઉપરથી હેવો ટ્રકની ઉઠાંતરી થતા ભારે ચકચાર મચી જવા પામી છે.

જાણવા મળતી માહિતી મુજબ દિયોદર જુના બસ સ્ટેશન પાસે આવેલ બાણવટી મોબાઈલની દુકાનમાં કોઈ અજાણ્યા શખ્સોએ તાલુકા પંચાયતમાં પ્રવેશ કરી ત્યાંથી પાછળના ભાગે થઈ મોબાઈલની દુકાનના પતરા તોડી અંદર પ્રવેશ કરી દુકાનમાં રહેલ એલ.સી.ડી. મોબાઈલ રિપેરીંગના સ્ટાર પાર્ટ તથા સેમસંગ મોબાઈલ અને ૨૭ હજાર રોકડ રૂપિયા કુલ મળી ૬૨,૯૫૦ના મુદ્દામાલની ચોરી થવા પામી હતી. જેમાં ચોર ટોળકીની કરતુત દુકાનમાં લગાવેલ સી.સી. ટીવી કેમેરામાં કેદ થતા ચોર ઈસમની નજર કેમેરા ઉપર પડતા કેમેરાનું મોનીટર પણ ચોરીને લઈ જતા આજે દુકાન માલિકે દિનેશભાઈ લાલજીભાઈ સુથાર દિયોદર પોલીસમથકે ચોરી અંગેની ફરિયાદ આપી હતી. જે અંગે પોલીસે ચોરીનું પગેરૂ મેળવવા માટે ડોગ સ્કોડ તથા એફએસેલની મદદ લઈ તપાસ કરી રહી છે. ત્યારે તેજ રાત્રીએ ટ્રક નં. જીજે૦૮.વાય.૪૩૫૨ નંબરની ગાડી પણ કોઈ અજાણ્યા ઈસમો ઉઠાવી જતા ટ્રકના માલીક હરેશભાઈ ત્રિવેદી રહે. દિયોદરવાળાએ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ આપતા દિયોદર પોલીસે બન્ને જણની ફરિયાદ લઈ વધુ તપાસ ઈન્ચાર્જ પી.એસ.આઈ. એ.બી. કરમટા ચલાવી રહ્યા છે.

# પ્રાંતિજમાં છેલ્લા ચાર દિવસથી પાણી માટે પોકાર

## મહિલાઓ રણચંડી બની નગરપાલિકાને બાનમાં લેશે

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચ રોડ ઉપર છેલ્લા પાંચ દિવસથી પાણી માટે વલખા મારતા રહીશો કોઈપણ જાતની જાણ કર્યા વગર છેલ્લા પાંચ દિવસથી પાણી ના અપાતા આ વિસ્તારના રહીશો ઉપર ઉનાળાની શરૂઆતમાં જ ગરમીનો પારો હદ વટાવી ગયો છે અને જો કદાચ હજુ પાણી આપવામાં વિલંબ થશે તો કદાચ આ વિસ્તારના લોકોનો તેજ પાલિકાના સભ્યોને માથે પડે તો નવાઈ નહી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ સ્વામીનારાયણ સોસાયટી, ગજાનંદ સોસાયટી, ગોપીનાથ સોસાયટી, માતૃછાયા સોસાયટી, હરીઓમ પાર્ક સોસાયટીઓમાં છેલ્લા પાંચ દિવસથી સોસાયટીના રહિશોના ઘર સુધી પાણી ના પહોંચતા આ વિસ્તારમાં આવેલ સોસાયટીના રહીશોને ગરમીની શરૂઆતમાં જ પાણી માટે વલખાં મારવાનો વારો આવ્યો છે. ત્યારે હાલ તો પાણી ના હોવાથી રહીશો રહેઠાણોમાં આવેલા અંદર ગ્રાઉન્ડ હોજ પણ ખાલી ખમ છે અને છેલ્લા પાંચ દિવસથી પાણીનું એક ટીપું પણ નળમાં ના આવતા મહિલાઓનો પારો તેજ થયો છે. અને જો આ લખાય છે અને સાંજ સુધીમાં પાણી નહી મળે તો આ વિસ્તારની મહિલાઓ દ્વારા પાલિકામાં મટકાફોડ કાર્યક્રમ સહિતના કાર્યક્રમ યોજાનાર છે. ત્યારે આ જ વિસ્તારમાં આવેલ કોંગ્રેસના ધારાસભ્ય તથા નગરપાલિકાના કોર્પોરેટરોના મકાનો આવેલા છે તેમની ચુપકી પણ પાણીની સમસ્યાને લઈને ક્યારે તુટશે તેને પણ આ વિસ્તારના રહીશો જણાવી રહ્યા છે.



યુનિક-યુ સ્કૂલ ઈડર દ્વારા આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ

શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ દ્વારા રાષ્ટ્રીય સ્તરે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ માતૃભાષાઓ દેશની એકતાનું માધ્યમ બને એવા સુંદર વિષયને કેન્દ્રમાં રાખવામાં આવ્યો હતો. યુનિક-યુ સ્કૂલ અને શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ-ગુજરાત પ્રદેશ દ્વારા થયેલ આ ઉજવણીમાં વિદ્યાર્થીઓએ ૧૨ જેટલી વિવિધ માતૃભાષાઓમાં પરંપરાગત વેશભૂષામાં પોતાની રજૂઆત કરી હતી. ૧૨થી વધારે રાજ્યોના આમંત્રિતોની હાજરીમાં માતૃભાષામાં સાહજિક રજૂઆત ખૂબ જ અસરકારક અને ભાવવાહી હતી. માતૃભાષાના માધ્યમથી રજુ થયેલા વિચારોએ ભારતની વિવિધતામાં એકતાની વિશેષતાને વધુ મજબૂત બનાવી હતી.

## રોડ સેફ્ટી કાઉન્સીલની મળેલ બેઠકમાં અકસ્માત નિવારણ માટેના સુચનો કરાયા

મહેસાણા, તા. ૪

મહેસાણા જિલ્લા કલેક્ટર લોચન સેહરાના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેફ્ટી રોડ કાઉન્સિલની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લામાં વારંવાર અકસ્માત થયા હોય તેવા સ્થળો (બ્લેક સ્પોટ) શોધી તેનું નિવારણ લાવવું, રસ્તા ઉપર સ્પીડ બ્રેકર મુકવામાં આવેલ હોય ત્યાં સફેદ પટ્ટા બનાવવા, બિનજરૂરી સ્પીડ બ્રેકર મુકવામાં આવેલ હોય ત્યાં સફેદ પટ્ટા બનાવવા બિનજરૂરી સ્પીડ બ્રેકર દુર કરવા સુચનો કર્યા હતા.

હાઈવે ઉપર ડિવાઈડર પર પબ્લીક, હોટલવાળા, પેટ્રોલપંપ વાળા તથા શોપિંગ સેન્ટર વાળા તરફથી બિન જરૂરી કટ પાડવામાં આવે છે. તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા પણ જણાવ્યું હતું. ધાર્મિક સ્થળો પદયાત્રીઓ માટે સાઈન બોર્ડ મુકેલા અને એસ.ટી. વિભાગ દ્વારા એસ.ટી. બસો રોડની સાઈડમાં પાર્ક કરી પેસેન્જરો ઉતારવા બેસાડવા માટેનું ચુસ્ત પણે પાલન કરવા પણ આદેશ કરાયો હતો.

# ખેડબ્રહ્મામાં અજાણ્યા વાહનની ટક્કરે એકનું મોત : એકને ઈજા

હિંમતનગર, તા. ૪

ખેડબ્રહ્માની હરણાવ નદીના પુલ ઉપરથી બુધવારે રાત્રે ચાલતા જતા બે ઈસમોને અજાણ્યા વાહન ચાલકે પાછળથી ટક્કર મારતા એકને ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજવા તથા બીજા ઈસમને ઈજા પહોંચવાના બનાવ સંદર્ભે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરમાં બનતા ફ્લેટની લીફ્ટ બનાવવાની કામગીરી માટે અમદાવાદની કંપનીના બે કારીગર હોટલ બ્લુમુનમાં ઉતર્યા હતા. દરમિયાન બુધવારે રાત્રે ૯ વાગ્યાના સુમારે પ્રકાશભાઈ કિશોરભાઈ ચુનારા રે.ઈસનપુર, અમદાવાદ તથા સુનીલકુમાર સત્યનારાયણ કોષ્ટી રે.કાંકરીયા, અમદાવાદ બંને નાસ્તો કરવા લક્ષ્મીપુરા ચાર રસ્તા ગયા હતા અને નાસ્તો કરી રાત્રે ૧૦ વાગ્યાના સુમારે હોટલ ઉપર પરત આવવા નીકળ્યા હતા. દરમિયાન તેઓ બંને હરણાવ નદીના પુલ ઉપરથી ચાલતા પસાર થતા હતા ત્યારે એક અજાણ્યા વાહન ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે હંકારી પ્રકાશભાઈ ચુનારા અને સુનીલકુમાર કોષ્ટીને પાછળથી ટક્કર મારી હતી. જેથી પ્રકાશભાઈ બેભાન થઈ ગયા હતા અને સુનીલકુમારને માથાના પાછળના ભાગે અને હાથે ગંભીર ઈજાઓ પહોંચી હતી. પ્રકાશભાઈ જયારે ભાનમાં આવ્યા ત્યારે સુનીલકુમાર તડફડતા હતા અને તેમને આંખની ભ્રમરે ઈજા પહોંચી હતી. પ્રકાશભાઈ ૧૦૮ બોલાવી હતી. સુનીલકુમારને ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે પ્રકાશભાઈ ચુનારા રે. મહાવીર પાર્ક વિરાટનગર ઈસનપુર અમદાવાદે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પોશીનાના ગોલવાડામાં રીક્ષા પલટી જતાં એકનું મોત : બેને ઈજા

પોશીના તાલુકાના લાંબડીયા પાસે આવેલ ગોલવાડા ગામની પ્રાથમિક શાળાના વળાંકમાં બુધવારે સાંજના સુમારે અચાનક એક રીક્ષા પલટી ખાઈ જતા એક મુસાફરનું મોત નિપજયુ હતું તથા અન્ય બે જણાને ઈજા થતા પ્રાથમિક સારવાર લેવી પડી હતી. જે અંગે પોશીના પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગોલવાડા પ્રાથમિક શાળા નજીક આવેલા વળાંકમાંથી બુધવારે સાંજના સુમારે પાસીંગ વગરની રીક્ષા લઈને જઈ રહેલા ચાલકે ગફલત ભરી રીતે ડ્રાઈવીંગ રીક્ષા હંકારતા તે પલટી ખાઈ ગઈ હતી. જેના કારણે રીક્ષામાં બેઠેલા બાબુભાઈ ધુળાભાઈ પરમાર (ઉ.વ.૪૪) ને માથામાં ગંભીર ઈજા થતાં તેમને ૧૦૮ દ્વારા ખેડબ્રહ્મા સિવિલમાં દાખલ કરાયા હતા. જયાં તેમનુ સારવાર દરમિયાન મોત નિપજયુ હતું. અન્ય બે જણાને ઈજા થતાં તેમને સારવાર લેવી પડી હતી. જોકે રીક્ષા ચાલક ફરાર થઈ ગયો હતો. આ અંગે મૃતકના ભાઈ કાન્તીભાઈ ધુળાભાઈએ રીક્ષા ચાલક બાબુભાઈ ભેમાભાઈ પરમાર વિરૂધ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. એ.વી.ચૌધરીએ તપાસ હાથ ધરી છે.





## દાંતાના કુકડી ગામે આદીવાસી સમાજની બેઠક યોજાઈ

સમગ્ર જિલ્લાના બનાસકાંઠામાં પાટીદાર સમાજ કે ઠાકોર સમાજ એકમેક થઈ પોતાના સંગઠનો મજબુત કરી રહ્યા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાનો આદીવાસી સમાજ પણ સફાળુ જાગ્યુ છે. દાંતા તાલુકાના સમસ્ત આદીવાસી સમાજ સેવા સંઘ ગુજરાત દ્વારા દાંતા તાલુકાના કુકડી આદીવાસી સમાજની એક વિશાળ સભા યોજાઈ હતી. જોકે આ સમાજમાં જુના રીત રીવાજોને જાકારો આપી ખોટા ખર્ચાઓથી બચાવવા અને સમાજનુ ઉદ્ધાર કરવાના હેતુસર કુકડી ગામે યોજાયેલી આ બેઠકમાં દાંતા અમીરગઢ હડાદ પોશીના અને ખેડબ્રહ્મા તાલુકાના આદીવાસી સંગઠનો તેમજ સંગઠનમાં જોડાયેલા લોકોની મોટી સંખ્યા આ બેઠકમાં જોવા મળી હતી.જોકે આ બેઠકમાં ખાસ કરીને લગ્નપ્રથામાં ઓછો ખર્ચો કરવો, દારૂ કે અન્ય કોઈ વ્યસન કરવો નહી. જાજમ દાભામાં કરકસર કરવી, જો કોઈ છુટાછેડાનો બનાવ બને તો તેમાં પણ વધુ રકમ ન ચુકવાય તે માટેનો આયોજન કરવા આ ઉપરાંત મરણ દરમિયાન લોકાચાર પ્રથામાં પણ કરકસર કરી ખોટા ખર્ચાથી બચીને પોતાના દિકરા દિકરીને ભણાવવા પુરતુ ધ્યાન આપવા ને સમગ્ર આદીવાસી સમાજ શિક્ષીત બને સાથે વ્યસન મુક્ત બને તે માટેના પ્રયાસો કરવા આ મીટીંગમાં હાંકલ કરાઈ હતી.